# @ વિકસિત ભારત ૨૦૪૭ વક્તૃત્વ સ્પર્ધા અહેવાલ @

## કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા

તા:-૧૯ /૦૯/૨૦૨૬

વાર:- શનિવાર

### ❖ પ્રસ્તાવના:-

કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડામાં તા. ૧૯/૦૯/૨૦૨૬ ને શનિવારના રોજ 'વિકસિત ભારત ૨૦૪૭' વિષય અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી અને ભાષા વિભાગના શિક્ષકોના નેજા હેઠળ યોજવામાં આવ્યો હતો, જેમાં ધોરણ ૯ થી ૧૨ ના કુલ – ૪૬ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

### ❖ પ્રવૃતિનો હેતુ:-

આ વક્તૃત્વ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જગાડવાનો અને વર્ષ ૨૦૪૭ માં જ્યારે ભારત આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે, ત્યારે દેશ કેવો હોવો જોઈએ તે અંગે તેમના વિચારો જાણવાનો હતો.

### ❖ પ્રવૃત્તિ ની વિગત:-

વક્તૃત્વ સ્પર્ધાના દિવસે કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ સ્પર્ધાની શરૂઆત કરી, જેમાં તમામ વિદ્યાર્થીઓએ શાળા પ્રવેશોત્સવ,ખેલ મહાકુંભ,ડીજીટલ ઇન્ડિયા ,ગરીબ કલ્યાણ મેળો ,વાઈબ્રન્ટ ગુજરાત  જેવા વિવિધ મુદ્દાઓ પર પોતાના કિંમતી અને સચોટ વિચારો ઉત્સાહભેર રજૂ કર્યા. સ્પર્ધકોને પોતાનું વક્તવ્ય રજૂ કરવા માટે 2 મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. નિર્ણાયકશ્રીઓ દ્વારા વિષયવસ્તુ, રજૂઆતની શૈલી અને આત્મવિશ્વાસના આધારે શ્રેષ્ઠ સ્પર્ધકોની પસંદગી કરવામાં આવી હતી, જેનાથી અન્ય વિદ્યાર્થીઓ પણ માહિતગાર અને પ્રેરિત થયા.

### ❖ ઉપસંહાર: -

દેશનો વિકાસ એ આપણી સહિયારી જવાબદારી છે, તેવી ભાવના કેળવાય તે હેતુસર, સમગ્ર વક્તૃત્વ સ્પર્ધા પ્રભાવશાળી ઢબથી અમારી શાળામાં યોજવામાં આવી હતી. આ સ્પર્ધા દ્વારા યુવા પેઢીમાં દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે કામ કરવાની એક નવી ઉર્જાનો સંચાર થયો હતો

@ પ્રવૃત્તિ શિક્ષકનુ નામ : પટેલ જયશ્રીબહેન યુ




વિકસિત ભારત
સેવા અને સુશાસન









કિસાન માધ્યમિક, લુણાવાડા
વિકસિત ભારત-૨૦૪૭: "સેવા અને સુશાસન"
વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓ
માધ્યમિક વિભાગ
ક્રમ નામ
પ્રથમ ભૂમિકા રમેશભાઈ ખાંટ - 10-B
દ્વિતીય ધ્રુવીન રમેશભાઈ ખાંટ - 10-A
તૃતીય તિક્ષા નૈલેષકુમાર મુનિયા - ૯-B
ઉચ્ચતર માધ્યમિક વિભાગ
ક્રમ નામ
પ્રથમ પ્રેક્ષા મહેન્દ્રકુમાર પ્રજાપતિ - 11-A
દ્વિતીય નિકિતાબેન જિતેન્દ્રસિંહ રાઠોડ - 12-B
તૃતીય પ્રિન્સીબેન બળવંતસિંહ બારિયા - ૧૨-B
નિર્ણાયક - ૧:
નિર્ણાયક - ૨: